એલોટમેન્ટ લેટર

જત તમો,

આથી આ એલોટમેન્ટ લેટર લખી આપવામાં આવે છે કે નીચેની વિગતનું યુનિટ તમોએ વેચાણ રાખેલ છે અને તે યુનિટ બાબતે કુલ અવેજ ચુકતે થયેથી દસ્તાવેજ કરી આપવામાં આવશે. દસ્તાવેજ, સાટાખત વિગેરેનો ખર્ચ તમોએ ભોગવવાનો રહેશે તેમજ મિલકતના વપરાશ વિગેરે માટે જે શરતો નક્કી કરવામાં આવે તે શરતોનું પાલન તમોએ કરવાનું રહેશે તેમજ મિલકતના ટાઈટલ વિગેરે તમોને બતાવી દેવામાં આવેલ છે અને કોઈપણ હકીકત બાબતે કોઈ તકરાર નથી અને નીચેની વિગતનું યુનિટ તમોએ વેચાણ રાખેલ હોય, બેંક લોન વિગેરે માટે હાલનો એલોટમેન્ટ લેટર લખી આપેલ છે.

-:: શીડયુલ ::-

-// વેચાણ આપેલી મિલકતની વિગત //-

જી. સુરત, તા. મજુરા, મોજે વેસુના જુના રે. સ. નં. ૧૭૩, નવા રે. સ. નં. ૯૯ થી નોંધાયેલી બીનખેતીની જમીન કે જેને ટી. પી. સ્કીમ નં. ૨ (વેસુ-ભરથાણા-વેસુ) લાગુ પડતાં ફા. પ્લોટ નં. ૧૭૦ તથા ૧૭૭ ફાળવવામાં આવેલ છે અને જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ ૯૯૦૦ ચો.મી. તથા બંને ફા. પ્લોટ મુજબનું સંયુક્ત ક્ષેત્રફળ ૯૫૯૦ ચો.મી. છે તે પૈકી ફા. પ્લોટ નં. ૧૭૭ થી નોંધાયેલી ૪૬૧૭ ચો.મી. બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ કોમર્શીયલ બિલ્ડીંગ જે **J9 High Street**ના નામથી ઓળખાય છે તેમાં .............. ૫ર આવેલ **દુકાન નં.** ....., જેનું કારપેટ એરિયા મુજબનું ક્ષેત્રફળ ..... ચો.મી. છે તથા બિલ્ટઅપ મુજબનું **ક્ષેત્રફળ ..... ચો.મી.** છે તે મિલકત તથા તળની જમીનમાં વગર વહેંચાયેલા પ્રમાણસરના હિસ્સાની જમીન સહિત તથા તેને લાગતા વળગતાં અંદરના તથા બહારના તમામ હક્કો સહિત.